સ્વચ્છ સર્વેક્ષણ 2023

# રાજકોટ મહાનગરપાલિકા

"ડો.આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

ફોન : ૦૨૮૧-૨૨૨૧૬૦૭ મહેકમ શાખા (બીજો માળ, રૂમ નં.૧)

ક્રમાંક: રા.મ.ન.પા./મહેકમ/૬૧૪ તા.૧૫/૦૭/૨૦૨૩

## હુકમ :-

સંદર્ભ :
૧ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : યુએચપી/૧૦૨૦૧૯/૮૧૨/ઘ તા.૨૪/૧૦/૨૦૧૯
૨ આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગરના પત્ર ક્રમાંક:નં.અહેપ્રો/મ.ન.પા./મંજુર/રા.સ.બજેટ/મહેકમ/રેગ્યુલર ભરતી/UH-1/ ફા.નં.૧૧/૨૦૧૯ તા.૦૩/૦૧/૨૦૨૦
૩. રા.મ.ન.પા./મહેકમ/૨૩. તા.૦૫/૦૪/૨૦૨૧
૪. સામાન્ય સભા ઠરાવ નં.૫૮ તા.૧૯/૦૩/૨૦૨૩
૫. મહેકમ શાખા ફા.નં.૧૫૮/૨૦૨૩-'૨૪

ગુજરાત સરકારશ્રી દ્વારા શહેરી વિસ્તારમાં ગરીબ લોકોની આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ (GUHP) ની વર્ષ ૨૦૧૧- ૧૨ થી અમલવારી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા છેલ્લા ચાર-પાંચ વર્ષથી શહેરી ગરીબો અને સમાજના અન્ય પછાત વર્ગોને પ્રાથમિક આરોગ્ય સંભાળની ગુણવત્તા સભર, એક સમાન આરોગ્યની સેવાઓ મળે તે માટેના પ્રયત્નો હાથ ધરેલ છે. શહેરી આરોગ્ય સેવાનું માળખું સુવ્યવસ્થિત કરવા અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ માં નગરપાલિકા અને મહાનગરપાલિકાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સુદ્રઢ કરવા માટે નવી બાબત તરીકે સંદર્ભ-૧ નાં ઠરાવથી મંજુર કરવામાં આવેલ છે જે પૈકી સંદર્ભ-૨ નાં પત્રથી રાજકોટ મહાનગરપાલિકાનાં ફાળે જુદા-જુદા સંવર્ગની જગ્યાઓ નવી બાબત તરીકે નિયત શરતોને આધીન મંજુર કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે-૧ અને ૨ અન્વયેની જોગવાઈઓ મુજબ આરોગ્ય શાખા હેઠળ U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)ની સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત મહેકમની જગ્યાઓ આરોગ્ય શાખાના અલાયદા અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ હેઠળ સરકારશ્રી તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યાં સુધી હંગામી ધોરણે વંચાણે-૪ નાં સામાન્ય સભા ઠરાવથી નવી બાબત તરીકે ઉપસ્થિત કરી ભરવા મંજુરી આપવામાં આવેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) માટે આરોગ્ય શાખાની સરકારશ્રીની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત મંજુર થયેલ જગ્યાઓ પૈકી ફીમેલ હેલ્થ વર્કર સંવર્ગની જગ્યા ભરવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવેલ. જે સબબ ઉમેદવારોની તા.૧૨/૦૩/૨૦૨૩ નાં રોજ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવેલ, જેમાં સ્ટાફ સિલેકશન કમિટીની ભલામણ અનુસાર નિયત લાયકાત ધરાવતા લેખિત પરીક્ષાના મેરિટનાં અગ્રતાક્રમ આવતા ઉમેદવારોને નીચે જણાવેલ નિર્દિષ્ટ શરતોને આધિન આરોગ્ય શાખા હેઠળ અલાયદા અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ ખાતે ફીમેલ હેલ્થ વર્કરની જગ્યા પર વંચાણે-૩ ના હુકમથી નિયત થયેલ શરતો અનુસાર રૂ.૧૯,૯૫૦/-(ઓગણીસ હજાર નવસો પચાસ) ના માસિક ફિક્સ પગારમાં હાજર થાય તે તારીખથી ૧૨(બાર) માસ સુધી તદ્દન હંગામી ધોરણે ફિક્સ પગારમાં નિમણુંક આપવામાં આવે છે.

| ક્રમ | મેરીટ નં. | રજી. નંબર | ઉમેદવારનું નામ | જન્મ તારીખ | ઉમેદવારની કેટેગરી | નિમણુંકની કેટેગરી | નિમણુંકનો હોદ્દો અને શાખાનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | 3 | 4473 | આશાબેન દિનેશભાઈ સોસા | 12/06/1999 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૨ | 4 | 3842 | હિરલ જેસાભાઈ ચોપડા | 25/12/1999 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૩ | 5 | 1901 | કૃષ્ણા ડાયાભાઈ વારગ્યા | 12/07/2002 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૪ | 6 | 2476 | હંસાબેન નાથાલાલ સોલંકી | 18/07/1985 | બિનઅનામત | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૫ | 10 | 1270 | રમિલાબેન અરશીભાઈ ચાવડા | 06/09/1997 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | 11 | 3299 | ભાવના વિનુભાઈ ચાવડા | 20/12/1998 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૭ | 15 | 4472 | ચંપાબેન ધનજીભાઈ ચાંડપા | 09/09/1994 | અનુ.જાતી | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૮ | 16 | 5092 | સોનીકુમારી નિ્રપેન્દ્રસિંહ કુશવાહા | 03/05/1997 | બિનઅનામત | બિનઅનામત | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૯ | 19 | 4063 | સાધના લાલજીભાઈ સોલંકી | 27/07/2000 | અનુ.જાતી | અનુજાતી. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૦ | 20 | 5499 | જીનલબેન પ્રવિણભાઈ રાઠોડ | 24/12/2001 | અનુ.જાતી | અનુજાતી. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૧ | 21 | 5213 | દક્ષાબેન અરજણ ચાંડપા | 30/04/1989 | અનુ.જાતી | અનુજાતી. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૨ | 25 | 2316 | પ્રિતિબેન જયંતિભાઈ જોષી | 01/06/1999 | આ.ન.વ. | આ.ન.વ. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૩ | 37 | 2668 | ફરાહના અયુબભાઈ બાદી | 25/08/1995 | આ.ન.વ. | આ.ન.વ. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૪ | 39 | 3925 | અફસાના આહમદભાઈ બાદી | 28/04/1999 | આ.ન.વ. | આ.ન.વ. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૫ | 40 | 4311 | અક્સા રસુલભાઈ ભાલારા | 30/03/2002 | આ.ન.વ. | આ.ન.વ. | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૬ | 41 | 3544 | મેઘા પંકજકુમાર ભટ્ટ | 28/06/1990 | બિનઅનામત (PH) | બિનઅનામત (PH) | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |
| ૧૭ | 42 | 3590 | ધર્મિષ્ઠા હસમુખભાઈ મારૂ | 01/06/1999 | બિનઅનામત (PH) | બિનઅનામત (PH) | ફીમેલ હેલ્થ વર્કર, આરોગ્ય શાખા |

**શરતો:**

૧ ઉમેદવારએ આ હુકમ મળ્યે દિવસ-૭ (સાત) માં નિમણુંકની શાખામાં ફરજ ઉપર હાજર થઈ જવાનું રહેશે. જેમાં નિષ્ફળ જશે તો તેમનાં પુરતો આ નિમણુંકનો હુકમ આપોઆપ રદ ગણાશે.

૨ ઉમેદવારને અત્રેની ફિક્સ પગારની નીતિ અનુસાર માસિક ફિક્સ પગાર રૂ.૧૯,૯૫૦/-(ઓગણીસ હજાર નવસો પચાસ) મળવાપાત્ર થશે ત્યારબાદ કામગીરી, વર્તણુંક વિગેરેને ધ્યાને લઇને ફીક્સ પગારની વખતો-વખતની ૫(પાંચ) વર્ષ સુધી મુદ્દત વધારો કરવામાં આવશે. આ સમયગાળા બાદ તેમની કામગીરી, વર્તણૂક વિગેરે સંતોષકારક હશે અને આ અંગે શાખાધિકારીના અભિપ્રાયને ધ્યાને લઈ તેમજ સરકારશ્રીની ગ્રાન્ટ અને આ જગ્યા ચાલુ રાખવાની વિગતો ધ્યાને લઇને પગારધોરણમાં હંગામી નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે.

3 આ નિમણુંક ઉમેદવાર હાજર થયા તારીખથી ૧૨(બાર) માસ માટે જ આપવામાં આવે છે ત્યારબાદ મુદ્દત વધારો કરવા અંગે નિર્ણય કરવામાં આવશે. નિમણુંક પામનારને ઉપર દર્શાવેલ માસિક ફિક્સ પગારની રકમ વેતન પેટે મળશે, આ રકમ સિવાય કોઇપણ જાતનાં નાણાંકીય લાભ કે અન્ય ભથ્થાઓ મળવાપાત્ર રહેશે નહી.

૪ સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત યોજનાના અનુસંધાને U-PHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)નું હંગામી મહેકમ ઉપસ્થિત કરવામાં આવેલ હોઈ, સરકારશ્રીની યોજના અમલમાં હોય અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે હંગામી ધોરણે આ જગ્યાઓ અમલમાં રહેશે.

૫ સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમ હોઈ, સંબંધિત યોજના પૂર્ણ થયેથી અથવા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી બંધ થયેથી સંબંધિત હંગામી મહેકમની મુદ્દત આપોઆપ પૂરી થયેલ ગણાશે તથા આ હંગામી મહેકમ ઉપરના તમામ સ્ટાફની નિયુક્તિની મુદ્દત પણ આપોઆપ પૂરી થયેલ ગણાશે, તેમજ સંબંધિત યોજનાના અનુસંધાને નિયુક્ત કરેલ તમામ સ્ટાફ પોતાની ફરજમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે અને છુટા થયેલા સ્ટાફનો રાજકોટ મહાનગરપાલિકામાં આ અંગે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો, દાવો કે લીયન રહેશે નહિ.

૬ ઉક્ત જગ્યાઓ આરોગ્ય શાખા હેઠળ અલાયદા અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલના સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત હંગામી મહેકમની જગ્યાઓ છે. આ હંગામી સ્ટાફ સેટઅપને રાજકોટ મહાનગરપાલિકાના સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી.

૭ ઉમેદવારને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ કે તેઓ આવા લાભોની માંગણી કરી શકશે નહિ.

૮ ઉમેદવારને ફિક્સ પગારનાં સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧ ની જોગવાઈ મુજબ મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

૯ (અ) ઉમેદવારને ફિક્સ પગારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજાઓ મળવાપાત્ર રહેશે.

(બ) ઉમેદવારને ફિક્સ પગારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે આકસ્મિક સંજોગો માટે ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે. તેમજ પછીના વર્ષમાં આગળ ખેચી શકાશે પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઇ શકશે નહિ. આ રજાઓ કોઈપણ હેતુ માટે વાપરી શકાશે. આ રજાઓ સક્ષમ અધિકારી પ્રાપ્ત રજાના નિયમ મુજબ મંજુર કરી શકશે. આ રજાઓ કેલેન્ડર વર્ષ શરૂ થતા જાન્યુઆરી માસમાં જમા થશે તેમજ વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦(દસ) અથવા અડધા પગારમાં ૨૦ (વીસ) રજા નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે ઉપરાંતની માંદગી રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે આ રજાઓ એકઠી(accumulate) થઇ શકશે.

(ક) નિમણુંક પામનાર (મહિલા કર્મચારીઓ) ને ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ ના નિયમોની જોગવાઈઓ મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦ ઉમેદવારને ફિક્સ પગારના સમયગાળા દરમ્યાન ઉપરોક્ત (૯) સિવાયની અન્ય કોઈ રજાઓ મળવાપાત્ર થશે નહિ. તે સિવાય ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનની કપાત ફિક્સ પગારમાંથી કરી લેવામાં આવશે તેમજ તેટલો ફિક્સ પગારનો સમયગાળો લંબાવવામાં આવશે.

૧૧ ઉમેદવારએ શાખા/કચેરીના તુરંતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા વખતો-વખત સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

૧૨ ઉમેદવારે સામાન્ય સંજોગોમાં કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે પરંતુ આમ છતાં સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે

૧૩ ઉમેદવારને ફિક્સ પગારના નિમણુંકના સમયગાળા દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા (વર્તુણંક) નિયમો, ૧૯૭૧ થી વર્તુણંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે મુજબ વર્તુણક કરે તે અપેક્ષિત છે.

૧૪ ઉમેદવારે આ સાથે બિડેલ પત્રક-૧ પ્રમાણેની બાહેંધરી આપવાની રહેશે.

૧૫ (અ) ઉમેદવારને ૫(પાંચ) વર્ષ સુધી ફિક્સ પગાર મળવાપાત્ર રહેશે, ફિક્સ પગારથી નિમણુંક મેળવનાર ઉમેદવારના ફિક્સ પગારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગાર ધોરણમાં નિમણુંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે. જો નિયમિત પગારમાં નિમણુંક આપવામાં આવે તો, ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ થયા બાદ (કપાત પગાર/ બિનપગારી રજા વિગેરે સહિત) જે તારીખે નિયત થતા હોય તે જ તારીખથી પાત્રતા ગણી નિયત પગારધોરણમાં સમાવવામાં આવશે.

(બ) ઉમેદવારનો ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ થતા તેઓને આપેલ શરતી નિયમિત પગારધોરણની નિમણુંક તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે અને તો જ નિયમિત નિમણુંકની તારીખથી પ્રવરતા મેળવી શકશે. જો તેઓ આ સમયગાળામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી શકે તો તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવશે. જયારે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરે ત્યારે પ્રવરતા હક્કના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે. એટલે કે તેઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરે તે તારીખથી નવેસરથી નિયમિત નિમણુંક ગણી તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થશે.

૧૬ (અ) આ ફિક્સ પગારની નિમણુંક તદ્દન હંગામી ધોરણે કરવામાં આવતી હોય જેથી જગ્યાના અભાવે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તણૂંકના કારણોસર અથવા આ સંવર્ગની જગ્યાની ફરજો બજાવવા માટેની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય) અથવા કોઈ આર્થિક ભારણ કે અન્ય કારણોસર સ્ટાફની જરૂરીયાત ન રહે તો એક માસની નોટીસ આપી અથવા એક માસના કુલ પગારનું ચુકવણું કરી નોટીસ આપ્યા સિવાય સેવાનો અંત લાવી શકાશે.

(બ) નિમણુંક પામનાર ઉમેદવારે તેમને મળનાર કુલ માસિક વેતનના ત્રણ ગણી રકમનું જામીન બોન્ડ ૫(પાંચ) વર્ષની નોકરી માટે નિમણુંકની જગ્યા પર હાજર થતી વખતે જમા કરાવવાનું રહેશે. આ બોન્ડની રકમનો રાજકોટ મહાનગરપાલિકાનાં નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે અને આ બોન્ડની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ હિસાબી શાખામાં લગત શાખાધિકારીએ જમા કરાવવાનો રહેશે. સબંધિત શાખાધિકારીએ બોન્ડની રકમ જમા કર્યા અંગેની વિગતો દિવસ-૭ માં મહેકમ શાખામાં લેખિતમાં રજુ કરવાની રહેશે.

(ક) જો ઉમેદવાર નિમણુંક અન્વયે હાજર થયા તારીખથી ૫(પાંચ) વર્ષ દરમ્યાન કોઇપણ સંજોગોમાં રાજીનામુ આપવાના સંજોગોમાં બોન્ડની જમા કરેલ રકમ પરત મળવાપાત્ર થશે નહી તેમજ પાંચ(૫) વર્ષની સળંગ સેવા બાદ ઉમેદવારે જમા કરાવેલ બોન્ડની રકમ પરત મળવાપાત્ર થશે.

(ડ) ચાલુ નોકરી દરમ્યાન ઉમેદવાર સ્વૈચ્છાએ રાજીનામુ આપવા માંગતા હોય તો નિમણુંક આપનાર સત્તાધિકારીને લેખિતમાં ૧(એક) માસની નોટીસ અથવા ૧(એક) માસનો નોટીસ પે જમા કરાવ્યા બાદ રાજીનામું મંજુર થયા બાદ છુટા થઇ શકશે તેમજ કામગીરી એસેન્સીયલ સર્વિસીઝ પૈકીની હશે તો ધી જી.પી.એમ.સી.એક્ટ ની કલમ-૬૧ અનુસાર ૨(બે) માસની લેખિત નોટીસ અથવા ૨(બે) માસનો નોટીસ પે જમા કરાવ્યા બાદ રાજીનામું મંજુર થયા બાદ છુટા થઇ શકશે.

૧૭ નિમણુંક પામનારની આ પ્રમાણે ફિક્સ પગારથી નિમણુંક થયા બાદ ફિક્સ પગારનાં નિયમોમાં કોઈપણ પ્રકારના સુધારા વધારા થાય તો તેવા સુધારા લાગુ પડશે.

૧૮ ફિક્સ પગારની નોકરીના સમયગાળા દરમ્યાન પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાઓનું રોકડમાં રૂપાંતર, પેશગી કે અન્ય કોઈપણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૧૯ નોકરી દરમ્યાન વિદેશ પ્રવાસ જવા માટે અત્રેથી વિદેશ પ્રવાસની નિયત થયેલ નિતી અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૨૦ કોઈ રાજકીય તેમજ કોમવાદી સંસ્થામાં ભાગ લઇ શકાશે નહી તેમજ કોઈપણ ચુંટણીમાં મત મેળવવા માટે રાજકીય પ્રચાર પ્રવૃત્તિ કરી શકાશે નહી.

૨૧ નિમણુંક પામેલ ફિક્સ પગારના ઉમેદવારે રજુ કરેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ, જન્મ તારીખ, જાતિ પ્રમાણપત્ર ખોટા કે અનધિકૃત છે તેવું સાબિત થશે તો ફોજદારી ગુન્હો ગણી ચૂકવાયેલ ફિક્સ માનદ વેતન વ્યાજ સાથે વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ વગર નોટીસે છુટા કરવામાં આવશે.

૨૨ ઉમેદવારે નિમણુંકવાળી જગ્યા પર હાજર થતી વખતે જન્મ તારીખના આધારભુત પુરાવા, શૈક્ષણિક લાયકાત, જાતિનાં તથા જરૂરી આધાર પુરાવા અંગેના રા.મ.ન.પા/મહેકમ/૬૧૫ તા.૦૮/૦૭/૨૦૧૯ થી નિયત થયેલ પ્રમાણપત્રોની ચકાસણીની કાર્યવાહી મહેકમ શાખાના સહાયક કમિશનરશ્રી અને લગત શાખાના સહાયક કમિશનરશ્રી/ટેકનીકલ શાખાઓમાં શાખાના વડા દ્વારા સંયુક્ત રીતે કરાવી આ બાબતનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ઉમેદવારને નિમણુંકવાળી શાખામાં હાજર કરતી વખતે સંબધિત શાખાધીકારીએ આ પ્રમાણપત્ર ઉમેદવાર પાસેથી મેળવ્યા બાદ જ હાજર રીપોર્ટ સ્વીકારવાનો રહેશે અને નિમણુંકવાળી શાખામાં હાજર કરવાના રહેશે. ઉમેદવારએ સીવીલ સર્જનનું ફીઝીકલ ફીટનેશ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

૨૩ આ નિમણુંક સમાન જગ્યાએ ફેરબદલી પાત્ર રહેશે. ઉમેદવારની સીનીયોરીટી મેરીટના ક્રમાંનુસાર ગણવામાં આવશે તેમજ આ બાબતે અત્રેથી કરવામાં આવેલ હુકમ નં.૮૨૫ તા.૧૬/૧૧/૦૬ માં દર્શાવેલ શરતો લાગુ પડશે.

૨૪ નિમણુંક પામેલ ઉમેદવારએ નાણાકીય વર્ષ મુજબ દર વર્ષે કામગીરી મૂલ્યાંકન અહેવાલ(P.A.R.)/ સી.આર.રીપોર્ટ ફરજીયાત રજુ કરવાના રહેશે.

૨૫ ઉમેદવારે હાજર થતી વખતે સંબધિત વિસ્તારની પોલીસ કમિશનરશ્રી/સુપ્રિ. ઓફ પોલીસની કચેરી પાસેથી પોલીસ વેરીફીકેશન સર્ટીફિકેટ રજુ કરવાનું રહશે. આ અંગે જરૂર જણાયે સંબધિત શાખાધીકારીશ્રીએ સંબધિત કચેરી સાથે પરભારે પત્રવ્યવહાર કરવાનો રહશે. અન્યથા આ નિમણુંકનો હુકમ રદ્દ કરવામાં આવશે.

૨૬ ઉમેદવાર હાજર થયે તેની દિન-૩ (ત્રણ) માં લેખિત જાણ સંબધિત શાખાધિકારીએ મહેકમ શાખામાં અચૂક કરવાની રહેશે.

૨૭ ઉમેદવારે ફરજ ઉપર હાજર થતા પહેલા આ સાથે સામેલ નિયત નમૂનાનું રૂ.૧૦૦/- ના ઈ-સ્ટેમ્પીંગ પર નોટરાઈઝડ કરારનામું કરવાનું રહેશે (આ નિમણુંક હુકમ અન્વયે ૧(એક) વર્ષ બાદ સરકારશ્રીની ગ્રાન્ટ ચાલુ રહે અને જગ્યાની જરૂરિયાત અન્વયે મુદ્દત વધારો કરવામાં આવે તો ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ

કરારનામુ મુદ્દત વધારા સુધી અમલમાં રહેશે). આ કરારનામુ હાજર રીપોર્ટ સાથે આરોગ્ય શાખામાં રજુ કરવાનું રહેશે, જો ઉમેદવાર કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો આ નિમણુંક હુકમ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

૨૮ સા.શૈ.પ.કેટેગરીના મેરીટ ક્રમ-૧,૨,૭,૮,૯,૧૨,૧૩,૧૪,૧૭,૧૮,૨૩,૨૪,૨૬,૨૭,૨૯,૩૧,૩૨,૩૩,૩૪,૩૬,૪૩ તેમજ અનુ.જન.જાતી કેટેગરીનાં મેરીટ ક્રમ નં.૨૨,૨૮,૩૦,૩૫,૩૮,૪૪ ના ઉમેદવારોના સરકારશ્રીમાંથી જાતીના પ્રમાણપત્ર વેરીફીકેશન થયા બાદ નિમણુક આપવાની હોવાથી તેઓનો મેરીટ ઉપર મુજબ યથાવત રહેશે.

૨૯ આ ફિક્સ પગારનો ખર્ચ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા થનાર હોઈ, સરકારશ્રીની વંચાણે-૧ અને ૨ અન્વયે મંજૂર થયેલ જગ્યાઓ હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ હેઠળ આરોગ્ય શાખાના અલાયદા અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલના પગાર સદરે પગાર પાડવાનો રહેશે.

(સહી) આનંદ પટેલ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ: નિયત કરારનામાનો નમુનો
નકલ રવાનાં :
- સબંધકર્તા સર્વે.

રવાના કર્યું
સિનીયર કલાર્ક (મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા